મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના યુવાનોમાં હવે વધ્યો મોન્સુન ટ્રેકિંગ કેમ્પનો ક્રેઝ

ચોમાસામાં પણ જંગલ કે પર્વતીય વિસ્તારોમાં ગૃપમાં ટ્રેકિંગ કરવાનો નવો ટ્રેન્ડ : યુવતીઓ પણ ઉત્સાહથી જોડાઇ રહી છે

ગાંધીનગર, તા. ૨૯

શહેરના યુવાનોમાં ધીમે ધીમે એડવેન્ચર સ્પોર્ટ્સ અને ટ્રેકિંગ જેવી સાહસિક પ્રવૃતિઓમાં રસ વધતો જણાઇ રહ્યો છે. ઉનાળાની કે દિવાળીની રજાઓ ઉપરાંત હવે ચોમાસામાં પણ જંગલ કે પર્વતીય વિસ્તારોમાં ગૃપમાં ટ્રેકિંગ કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. ગાંધીનગરમાં ઘણી બધી પ્રકૃતિ સંલગ્ન પ્રવૃતિઓ માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા માત્ર ગુજરાત જ નહીં પરંતુ રાજ્ય બહારના અનેક સ્થળોએ ટ્રેકિંગ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. યુવાનોના આ ક્રેઝને અનુલક્ષીને રાજ્ય સરકારના "ગીર ફાઉન્ડેશન" દ્વારા પણ આગામી દિવસોમાં રાજ્યના વિવિધ પ્રાકૃતિક મહત્વ ધરાવતાં સ્થળોને આવરી લેતાં ચાર મોન્સુન ટ્રેકિંગ કેમ્પ એન્ડ નેચર એજ્યુકેશન પ્રોગ્રામનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ગાંધીનગરના યુવાનોમાં લોન્ગ ડિસ્ટન્સ બાઇક રાઇડ્સ કે સાયકલ રાઇડ્સ જેવા શોખ બાદ હવે ગાઢ જંગલો ધરાવતાં પર્વતીય વિસ્તારોમાં ટ્રેકિંગનો ક્રેઝ વધતો જોવા મળી રહ્યો છે. આ ક્રેઝમાં શહેરની યુવતીઓ પણ ઉત્સાહથી જોડાઇ રહી છે અને સાહસિક સફરો ખેડીને યુવકોને પણ શરમાવે તેવા સાહસો કરવામાં પાછી પાની કરતાં અચકાતી નથી.

શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત કરવામાં આવતાં ટ્રેકિંગ કેમ્પમાં રાજ્યના સ્થળોમાં સાપુતારા, ગીર, વિજયનગરની પોળો, બાકોર, જેસૌર, રતનમહાલ, પદમ ડુંગરી, ઇડરીયો ગઢ, પાવાગઢ સહિત ડાંગ, દાહોદ, તાપી, વલસાડ અને નર્મદા જિલ્લાના વન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે જેમાં એક દિવસથી માંડીને ત્રણ દિવસ સુધીના ટ્રેકિંગ કેમ્પનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્ય બહાર રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હિમાચલ અને ઉત્તરાખંડના સ્થળોએ ટ્રેકિંગ કેમ્પના આયોજનો કરવામાં આવે છે જેમાં ત્રણ દિવસથી માંડીને સાતેક દિવસ સુધીના ટ્રેકિંગ કેમ્પનો સમાવેશ થાય છે.

ટ્રેકીંગ કેમ્પ માટે ટ્રેકર્સે ખાસ પ્રકારનો સામાન સાથે લેવો જરૂરી હોય છે જેમાં ટ્રેકિંગ કે સ્પોર્ટ્સ વેર અને શુઝ ઉપરાંત હળવા વજનના બેડશીટ અને બ્લેકેટ્સ, પાણીની બોટલ, ટોર્ચ, ટ્રેકિંગ સ્ટિક, કેપ, સનગ્લાસ,

ગીર ફાઉન્ડેશન દ્વારા ચાર મોન્સુન ટ્રેકિંગ કેમ્પનું આયોજન

ગાંધીનગરના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતેથી કાર્યરત ગીર ફાઉન્ડેશન દ્વારા આગામી દિવસોમાં રાજ્યના વિવિધ પ્રાકૃતિક મહત્વ ધરાવતાં સ્થળોને આવરી લેતાં ચાર નવા મોન્સુન ટ્રેકિંગ કેમ્પ એન્ડ નેચર એજ્યુકેશન પ્રોગ્રામનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ટ્રેકિંગ કેમ્પમાં તા.૩૧મી જુલાઇએ વિજયનગરની પોળો, તા.૬થી ૭ ઓગસ્ટ દરમ્યાન જેસૌર અભ્યારણ, તા.૧૩થી ૧૪ ઓગસ્ટ દરમ્યાન રતનમહાલ ખાતે અને તા.૨૦થી ૨૧ ઓગસ્ટ દરમ્યાન તાપી જિલ્લામાં વ્યારા નજીક પદમડુંગરી ખાતે મોન્સુન ટ્રેકિંગ કેમ્પ એન્ડ નેચર એજ્યુકેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકે છે જે માટે ગીર ફાઉન્ડેશનની વેબસાઇટ પરથી રજિસ્ટ્રેશન કરાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. આ તમામ કેમ્પમાં મર્યાદિત ૫૦ની સંખ્યામાં ટ્રેકર્સનો સમાવેશ કરાશે.

વધારાના કપડાંની જોડી, રેઇનકોટ વગેરે ઉપરાંત નાની બેકપેક બેગ સાથે મોબાઇલ ચાર્જર અને પાવરબેંક તેમજ પોતાને જરૂરી દવાઓ, મચ્છર કરડવાથી બચાવતી ક્રિમ અને થોડોક હળવો નાસ્તો લેવાનું સૂચન કરવામાં આવે છે. હવે કોરોના મહામારીને અનુલક્ષીને સેનેટાઇઝર તેમજ ફેસ માસ્કને પણ લેવાનું ફરજિયાત કરવામાં આવતું જોઇ શકાય છે.

જન્મદિને વધામણી

વિવેકસિંહ છત્રસિંહ ચૌહાણ
સેક્રેટરી લાયન્સ ક્લબ ગાંધીનગર

રિતીકા વિનોદભાઈ મેણાત
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮

દેવરાજ યાદવ
મો. ૯૧૦૬૮ ૫૮૭૬૧

શ્રીમતી અવંતિકાબા ધાંધલ
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

ગીતાબેન ચૌહાણ
લાયોનેસ ક્લબ

સંજયભાઈ એ. પ્રજાપતિ
મો. ૯૮૨૫૭ ૮૩૩૪૫

મોનાલી ગજ્જર
લાયોનેસ ક્લબ

ફૈઝાન મન્સુરી
મો. ૯૬૬૨૫ ૦૦૭૪૧

અર્ચના દવે
લાયોનેસ ક્લબ

જોષી જયેશકુમાર
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

ગાંધીનગરવાસીઓ માટે આસ્થાનું કેન્દ્ર ગણાતા પંચદેવ મંદિર ખાતે શ્રાવણ માસની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. પંચદેવ મંદિરે યોજાયેલા વનસ્પતિના પાનના હિંડોળાના દર્શનનો ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

અરવિંદ કેન્દ્ર ખાતે માતૃભાષા ગુજરાતી કેળવણી કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૯

મહાયોગી અરવિંદ અને મહાયોગીની માતાજીનાં જીવનદર્શન અને જીવનકાર્યને પૃથ્વીની ચેતનામાં અવતરિત કરવા તેમજ પ્રગટાવવા માટે સે-૨૩ ખાતે કાર્યરત અરવિંદ કેન્દ્ર છેલ્લા ત્રણેક દાયકાથી આધ્યાત્મિક સાધનાની સાથે ચિત્ર, સંગીત, નૃત્ય વગેરે કલાઓની કેળવણીનું કાર્ય કરી રહયું છે. માતાજીએ વિવિધ કલાકૌશલની કેળવણીની સાથેસાથે, ભારતીય સંસ્કૃતિની ધરોહર એવી સંસ્કૃત ભાષા અને સર્વ માતૃભાષાઓની કેળવણીને પણ પોતાના જીવન કાર્યમાં અતિ મહત્વનું સ્થાન આપેલ છે. માતાજીના આ જીવનકાર્યને સાકારિત કરવાના ભાગરૂપે અરવિંદ કેન્દ્ર ખાતે તા.૩૧ જુલાઈના રવિવારે સાંજે ૫.૩૦ કલાકે માતૃભાષા ગુજરાતી કેળવણી કેન્દ્રનો શુભારંભ થઈ રહયો છે. ગુજરાતી ભાષા કૌશલ (શ્રવણકૌશલ, વાકકૌશલ, વાચનકૌશલ, લેખનકૌશલ) અભ્યાસક્રમ અંતર્ગત ગુજરાતી વર્ણ પરિચય, ગુજરાતી જોડાક્ષરો, ગુજરાતી જોડણી, અનુસ્વાર, વિરામચિન્હ, ગુજરાતી શબ્દ રચના અને સામાસિક શબ્દો, ગુજરાત વાક્યરચના અને વાક્ય પ્રકારો, ગુજરાતીમાં પદક્રમ અને પદસંવાદ, સાતત્યપૂર્ણ અને મુદ્દાસર લેખન, શુધ્ધ ગુજરાતી ભાષા લેખન, અરજી લેખન, અહેવાલલેખન, પ્રુફવાચન તેમજ ગુજરાતી કવિતા, વાર્તા, નવલકથા, એકાંકી, નાટક, નિબંધ, ચરિત્ર વગેરે સાહિત્યકૃતિઓનો રસાસ્વાદ અને અભ્યાસ પણ કરાવવામાં આવશે. અરવિંદ કેન્દ્રના ટ્રસ્ટી તેમજ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય દીપક પંડ્યા મો.૯૪૨૭૦૨૬૯૭૯ જીમેઈલ : pandyadpk2@gmail.com માતૃભાષા ગુજરાતી કેળવણી કેન્દ્રના સંયોજક તરીકે પોતાની સેવાઓ આપશે. રસ ધરાવતાં સૌ યુવાનો, માતાઓ અને ગુજરાતી માતૃભાષા પ્રેમીઓને માતૃભાષા ગુજરાતી કેળવણી કેન્દ્રનો લાભ લેવા અરવિંદ કેન્દ્રના પ્રમુખ સી.કે.તન્નાએ જણાવ્યું છે.

ગેઝીયા ખાતે માહિતીસભર ડિરેક્ટરીનો વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે ગેઝીયાની માહિતીસભર ડિરેક્ટરીનો વિમોચન કાર્યક્રમ એમ. થેન્નારસન વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર-જીઆઈડીસીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં કાંતિભાઈ પટેલ પ્રમુખ-એફ.આઈ.એ અતિથી વિશેષ તરીકે અને કમલકિશોર જૈન ડાયરેક્ટર-ઈન્ટીગ્રીટી એન્ડ ચીફ એથીક્સ ઓફિસર-કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનની પ્રેરક ઉપસ્થિતિ હતી. આ વિમોચન કાર્યક્રમમાં જીઆઈડીસીના અધિકારીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગરના જનરલ મેનેજર વિવિધ એસોસિએશનના પ્રમુખ તથા સેક્રેટરી તેમજ ગેઝીયાના પ્રમુખ-ચાણક્ય પટેલ, સેક્રેટરી અમૃતભાઈ પટેલ, ઉપપ્રમુખ એચ.એમ. પટેલ, ગેઝીયા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, કારોબારી સભ્યો તથા વસાહતના ઉદ્યોગકાર મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક સભા

ગાંધીનગર, તા.૨૯

સિ.સિ.કા.ની જુલાઈ ૨૦૨૨ની માસિક સભા તા.૩૧ના રોજ યોજાશે. ત્યારબાદ વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તિ માતા ભવન, શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ ખાતે સભા સમાપ્તિ બાદ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. સભામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જણાવાયું હતું. કોરોનાને અનુલક્ષીને માસ્કનો ઉપયોગ આવશ્યક કરવાનો રહેશે નેજી નોંધ લેવા પણ જણાવાયું છે.

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા એક દિવસીય નેશનલ સેમીનારનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ અડાલજ દ્વારા એમ્ક્યોર ફાર્માસ્યુટીકલ્સ તથા ગુજકોટ અને ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની સ્પોન્સરશીપ હેઠળ એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સીપાલ ડો.રાગીન શાહ તથા સેમીનારના કન્વીનર ડો.વિનય દરજી તથા ડો.સુનીતા ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડો.ઈશાન પંચાલ અને ડો.મોના કૌશલે આ સેમિનારનું સંકલન કર્યું હતું. ગ્રીન કેમેસ્ટ્રીની થીમ પર આધારિત આ સેમિનાર ફાર્માસ્યુટીકલ્સની એનાલીટીક ટેકનીક તથા પ્રોડકટ ડેવલોપમેન્ટના નવીનતમ વિષયો પર ત્રણ અલગ લગ વકતવ્યો યોજવામાં આવ્યા હતા. જેમાં ફાર્મા એસીઈ રીસર્ચ લેબોરેટરીના ડાયરેકટર ડો.અર્પિત પટવારીને ગેસ્ટ ઓફ ઓનર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સેમિનારમાં ૩૧ કોલેજોમાંથી આશરે ૧૪૫ શ્રોતાઓએ બધા વકતવ્યો ભાગ લઈ એમ્ક્યોર ફાર્માસ્યુટીકલ્સની મુલાકાત પણ કરી હતી.

શહેરની મુકબધિર સંસ્થામાં સ્પીચ થેરાપી સેન્ટર બનશે

સમર્પણ મુક-બધિર શિશુ વિદ્યામંદિરમાં બાળકો માટે ઓડિયોલોજીસ્ટ રૂમની તૈયારીઓ શરૂ : હાલમાં ૬૯ મુક-બધિર બાળકો શિક્ષણ મેળવી રહયા છે

સમર્પણ મુક-બધિર શિશુ વિદ્યામંદિરનું ગૌરવ

- ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ બાળકોએ મેડલ મેળવ્યા છે.
- ઈન્ટરનેશનલ લેવલે અમેરિકામાં હિતેષ ચૌધરીએ ભારતને રીપ્રેઝન્ટ કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે.
- સેકટર-૧૦ મેરીટાઈમ બોર્ડમાં સાત છોકરાઓને નોકરી મળી.
- ચાંદલોડીયા એસબીઆઈ બેન્કમાં કેશિયર તરીકે એક દીકરીને જોબ મળી
- ચિત્ર સ્પર્ધામાં આરતી રાજપુત, નૈની મૌર્યને સ્વ.અબ્દુલ કલામના હસ્તે એવોર્ડ મળ્યો હતો.
- ગગનયાન પ્રોગામ અંતર્ગત સાયન્સ સીટી ખાતે ચિત્ર સ્પર્ધામાં બાળકોને ઈનામ મળ્યું છે.
- ચાઈનામાં ડેન્ટીસ્ટ તરીકે એક દીકરી કાર્યરત છે.
- વસ્ત્રાપુરમાં આલ્ફા મોલ કેએફસીમાં ૭૦થી ૮૦ દીકરા-દીકરીઓ નોકરી કરી રહયા છે.
- વોટર સપ્લાય એન્ડ રીસર્ચમાં પણ સંસ્થાના દીકરા-દીકરીઓ નોકરી કરી રહયા છે.
- નડીયાદમાં રમતોત્સવમાં નૃત્ય સ્પર્ધામાં બાળકોને ત્રણ સુવર્ણ, ત્રણ રૌપ્ય, બે કાંસ્ય ચંદ્રક મળ્યા છે.

ગાંધીનગર, તા.૨૯

સમાજના દરેક માનવીને માનવી તરીકેનું સન્માન અને હુંફ પામવાનો અધિકાર સમાન રીતે મળ્યો છે. માનવી જન્મથી કે આકસ્મિક કારણોથી શારીરિક કે માનસિક અસક્ષમ બની જતાં અસહાયતાની લાગણી અનુભવે તો તે સમગ્ર સમાજ માટે એક ઉત્તમ ઉદાર બની ઉભરી આવે છે. માનવીનું ધરતી પર અવતરણ થાય છે ત્યારે કુદરત કે સંજોગોવસાત બાળક નાનપણથી બોલી કે સાંભળી શકતો નથી પરંતુ કુદરતે દરેક માનવીને અખૂટ શક્તિઓથી ભરેલો છે, માનવી ભલે બોલી સાંભળી શકે નહીં પણ તેની અંદરની સંવેદનાઓ જાગૃત હોય છે. કુદરતે માનવ જીવનમાં અનેક ખામીઓ ભરેલી છે તો સાથેસાથે આ ખામીઓની સામે તેને દુર કરવાની વિવિધ પ્રકારની શક્તિઓનો સંચાર પણ કર્યો છે. મૂકબધિર બાળકો સમાજ જીવન સાથે પોતાનું જીવન વ્યતિત કરી શકે અને આત્મનિર્ભર જીવન જીવી શકે તે માટે ગાંધીનગર ખાતે છેલ્લા ૩૬ વર્ષથી કાર્યરત સમર્પણ મુક-બધિર શિશુ વિદ્યામંદિરમાં સ્પીચ થેરાપી અને ઓડીયોલોજીસ્ટ રૂમ બનાવવામાં આવી રહયો છે. સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મુકબધિર શિશુ વિદ્યામંદિર ગાંધીનગરમાં છેલ્લા ૩૫ વર્ષમાં ૧૨૦૦થી વધુ મુકબધિર બાળકો સમગ્ર ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને યુપીમાંથી અહીંયા આવ્યા છે. જેમાં હાલ ૬૯ જેટલા બાળકો સંસ્થામાં રહીને અભ્યાસ કરી રહયા છે. હાલ શાળમાં બાળકોને સરકારના ધારા ધોરણ પ્રમાણે ૧થી ૧૦ સુધીનો અભ્યાસક્રમ વિશિષ્ટ લાયકાત ધરાવતાં અનુભવી શિક્ષકો દ્વારા શીખવવામાં આવે છે. અહીંયા આવતા બાળકોને કોઈપણ ધર્મ, જાતિ, જ્ઞાતિ પંચ કે પ્રદેશના ભેદભાવ સિવાય વિના મૂલ્યે લોજીંગ-બોર્ડીંગ, કપડાં, વૈદ્યકિય સારવાર તેમજ વ્યવસાયિક તાલીમ પણ આપવામાં આવે છે. સંસ્થા તરફથી બાળકોને વિકાસની પુરતી તક મળે અને તેમની સમજ, સુઝ, આવડત અને રૂચિ અનુસાર આ બાળકોને ચિત્રકામ, પ્રિન્ટીંગ, બુક બાઈન્ડીંગ, સિવણકામની તાલીમ, કોમ્પ્યુટરની તાલીમ વગેરે તાલીમ આપવામાં આવે છે. જે વસ્તુઓ જોઈને શીખવી શકાય તેવી તમામ બાબતો આ બાળકો શિખી શકે છે. કોમ્પ્યુટર્સ જોબવર્ક કરી ઓફસેટ પ્રિન્ટીંગ કરવું, બાઈન્ડીંગ કામ, સિલાઈવર્ક, કટીંગ કામ સારી રીતે કરી શકે છે. બાળકોને પોતાના જીવનમાં સ્વાશ્રયી અને સ્વાવલંબી બનવાની તક મળે છે. બાળકોને સાંસ્કૃતિક કાર્યક્રમો, તહેવારો, જન્મદિવસ, પ્રવાસ પણ કરાવવામાં આવે છે. સમર્પણ મુક બધિર શિશુ વિદ્યામંદિરની સ્થાપના સ્વ.કમલેશભાઈ એ.જાની એ કરી હતી. જે માત્ર બે મુક બધિર દીકરાઓથી શરૂઆત કરવામાં આવી હતી. જે હાલમાં સરકારી પ્રાથમિક શાળાની સામે ઘ-ટાઈપ, સેકટર-૨૮ ખાતે કાર્યરત છે. સરકાર તરફથી પ્લોટની ફાળવણી થવાથી બાળકોને અહીંયા અદ્યતન ટેકનોલોજીનો લાભ મળી શકયો. બાળકોના જીવન ઘડતર માટે કલ્તપરૂ તરફથી પણ મોટો સહયોગ સંસ્થાને મળ્યો છે. સુજ્ઞ પરિવારો તરફથી શાળાને હુંફ અને સહયોગ મળતો રહે છે. આમ, આ શાળા મુક બધિર બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને સ્વસ્થ બાળકોને જેમ જ તેઓ સમાજમાં પુનઃસ્થાપિત થઈ શકે તે માટે જરૂરી પ્રયત્નો કરે છે. જેમાં આ સ્પીચ થેરાપી મહત્વનો ભાગ ભજવશે. આ સંસ્થામાં ટ્રસ્ટી રાજેશભાઈ પંચોલી, નિશીતભાઈ વ્યાસ, વૈભવ જાની, કૈલાશ જાનીનો મહત્વનો ફાળો છે.

સ્પીચ થેરાપી શું છે ?

સ્પીચ થેરાપી એટલે વ્યવસ્થિત બોલવાની તાલીમ.. આપણને ખબર હોય છે કે બાળક છ મહિનાની ઉંમરથી બોલવાનું શીખવાની શરૂઆત કરે છે તોતડું બોલતું બાળક વહાલુ લાગે છે પણ જો મોટુ થઈને પણ બાળક તેમ જ બોલે તો શરમજનક લાગે છે. અક્ષરો, શબ્દો કે વાક્યો સામાન્ય માણસની જેમ ન બોલી શકતી વ્યક્તિઓને આપવામાં આવતી તાલીમ સ્પીચ થેરાપી તરીકે ઓળખાય છે.

હું કેશા દવે, રૂદ્રાક્ષ દવેની બહેન. મારો ભાઈ આ સંસ્થામાં ધો.૬માં અભ્યાસ કરે છે. જેનું સૌ કોઈ સારી રીતે ધ્યાન રાખે છે. તેના અભ્યાસમાં મદદ કરે છે. તેને માનસિક પ્રોબ્લેમ હોવા છતાં સારી રીતે વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે. મારો ભાઈ માનસિક વિકલાંગ અને મુકબધિર છે તેમ છતાં સંસ્થા તરફથી ધ્યાન આપવામાં આવે છે તેથી તમામને હું આભાર વ્યક્ત કરૂ છું.

- વ્યક્તિગત અનુભવી કેશા દવે

સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની સમિતિના ચેરમેન ઠાકોર શંભુજી તથા સમિતિના સભ્યો ૧૧ ધારાસભ્યોએ ગુજરાતના મહેસાણા, બનાસકાઠા, કચ્છ, હળવદ, મોરબી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીઓ સહિત વિવિધ હોસ્પિટલમાં જઈ થઈ રહેલી કામગીરીનો અહેવા લેશે અને જરૂર જણાશેતો યોગ્ય માર્ગદર્શન પણ આપશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ગોસ્વામી બાલુબેન દીપુભારથી ઉ.વ.૬૧, વાવોલ
- સ્વ.ઠાકોર અંદરજી શનાજી ઉ.વ.૬૫, શિહોલી મોટી
- સ્વ.ઠાકોર મહેન્દ્ર બબાજી ઉ.વ.૩૫, રૂપાલ
- સ્વ.બાજપાઈ સુશીલ પ્રકાશ ઉ.વ.૭૨, ઈન્દ્રોડા
- સ્વ.ગોસ્વામી ઉમિયાબેન ડાહયાગીરી ઉ.વ.૮૨, સેકટર-૨૭
- સ્વ.સોલંકી નટુજી ઉદાજી ઉ.વ.૬૦, આલમપુર

● રૂદ્રભુમિ ●

- સ્વ.ઠાકોર હોથાજી કાળાજી ઉ.વ.૭૬, ધોળાકુવા
- સ્વ.ડાભી અમીનાબેન કનુભાઈ ઉ.વ.૫૫, ચિત્ર, ભાવનગરપરા